વેજોગી બાર

તથા

કૃષ્ણજીના મહીના

છપાવી પ્રસિદ્ધ કરનાર

શા. પ્રેમચંદ હઠીશંગ.

ઠે. આંબાકાટે દા. ફેજરના માળામાં.

મુંબઈ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૨૦૦૦. સને ૧૯૧૩.

અમદાવાદ:

ખાડીઆમાં હિતેચ્છુ પ્રેસમાં હરિપ્રસાદ

પિતાંબરદાસ મહેતાએ છાપી.

કીમત રૂ.૦-૦-૬.

...ગીત.

અરેરે ..., શું કરી ગયો; મુજને છોડીને શીદને ગયો; મુજ પ્રીયા તણી, વાત નો સુણી, અરેરે બોલું કયાં, તુજ-ને જણી. ૧ ઇષ્ટદેવને પ્રાર્થના કરૂં, તે થકી હું તો પાર ઉતરૂં; આવે નાથ તો શાંતી થાયરે, પ્રીયા તણી બધી પીડા જાયરે. ૨ અરેરે હાયરે પ્રાણ જાયરે, પતિ વિના હવે કેમ થાયરે; મેં જાણ્યું હતું, કેંથે આવશે, મુજ પ્રિયાતણું દુઃખ ટાળશે. ૩ અરેરે નાથજી, હાલ આવજો મુજ માટે કંઇ માલ લાવજો; ચણીયોજ ચોળી ને ચીર લાવજો, અરે પતી પછી ઘેર આવજો. ૪

વિજોગી બાર માસી.

માસ ૧ લો.

કારતીકે સાહેલી, મુજ કંથ ગયો મેલી;
અંતર આગ લાગે, બહુ કામબાણ જાગે.
કરવું હવે શું માડી, દુઃખ હું ભોગવું દા'ડી;
એ વાત કોને કહીયે, વેહુજાળ મુજ હૈયે.
સુણ બાઈ વાત મારી, બળવંતબુદ્ધી તારી;
રસ્તા બતાવ બેની, ઓલાય ઝાળ વેહેની.
પાકયાંછે ક્ષેત્ર સર્વે, ધણી લણેછે ગર્વે;
જુવાની પાકી મારી, નાથે મુકી વિસારી.
વળીફુલપાકયાંફુવાળાં, તેરામસીતાવા'લાં;
ભોગીભમરનઆવ્યો, કારતીકને શું માવ્યો.

માસ ૨ જો.

માગશરે દીવાની, થઈને ફરૂંછું ઘેલી;
ઉજડ આજ દેખું, ઘરબારને હવેલી.
વળી વસ્ત્રતોરંગાળાં, જરીકોરે છેડાવાળાં;
પેહરીયે તે કોને કાજે, દેખીને તન દાઝે;
સ્વામિ વિનાશું કરવું, વિજોગે દુઃખે મરવું;
કોની સંગાથે ફરવું, વેહે પુર કેમ તરવું.
કરીયે તે કોના સારૂ, ખાનપાન રંગાવારૂ;
ઉડેછે એમ દારૂ, શી પેરે બાઇ ઠારૂં. ૪
ઝરે છે નીર નેણું, ભીંજાય ચીર તેણું;
હવેખબરલ્યો મારી, આવો સામા મોરારી.

માસ ૩ જો.

પોશે ઘણીજ ભારી, ઠંડીજ ગીરધારી;
તે કેમ કરી સહેવાશે, નિશ્ચે પ્રાણુ જાશે. ૧
એક આજ પાસે, રવી મકરના થાશે;

તીલદાનતો દેવાશે, દુઃખતો અમારો જાશે.
સખીપોતેમુજસમાણી, સોકંથથીકમાણી;
રમાડો રોજે રંગે, પ્રીત્યે પીયુજ સંગે.
દુખડાં દીયો મટાડી,સંભાળો આપ આવી;
નહિતો હુવે સુકાશે, સુકાઈને સાલ થશે.
પાણીડાંપીઓઆવી,મુજ દુઃખશો સમાવી;
નહીંઆવોનંદલાલા, મુજજીવજાયવા'લા.

માસ ૪ થો.

આમાઘમાસ આવ્યો, તથાપીકંથ નાવ્યો;
જોબનીયુ જાય ઝરતું, એથી બીજુશું નરતું.
વસંત લોક બોલે, ઝાડ પાન રંગ ડોલે;
ઉમંગ મગ્ન હૈયે; કે નાથ નામ લૈયે. ૨.
શુભલગ્નદીનઆવ્યા, વીવાહુવધાઈ ગાવા;
નથી મુજ મન થાતું, દુખડું નહી રૂઝાતું.૩
તેવ તેવડી તારી આંવી કહે છે સમજાવી;

ચાલો સગામાંજઈયે, સુખેથી ગીત ગઈયે.
શરીર નથી સારૂં સમજાવી પાછું વાળું;
બાનું બતાવી ખોટું, પ્રિતમ ચિત્ત ચોટસું.

માસ ૫ મો.

ફાગણ ફુલ્યો ફુલે, મુજ દેહ દેખી ઝુલે;
નરનારીયો સજોડે, ખેલેછે ખેલ કોડે. ૧
અંતર હોળી લાગી, ત્યાંબારબીજી જાગી;
એઉજાળભોગીથાશે, મુજ દેહ ખાક થાશે.
કેસુડાં ફુલ રંગે, છાંટેછે અંગે અંગે;
એમ મળીને નાથનારી, છાંટેછે પીચકારી.
ભરી મુઠી ગુલાલે, ઉડે એઉ બ્હાલે;
એમ નાથ નારી રમે, તે સાંભળોછો તમે.
મચ્યોછેફાગણ ભારી, સુખી થાશેનરનારી;
મુજદુ:ખઅંતનાવ્યો, એમચૈત્રમાસઆવ્યો

માસ ૬ ઠો.

ચૈત્ર માસ મોરે, બેઠાછો તમે ક્યાંરે;
પ્રીતેથી પ્યારી પાસે, આવીને બેસો હાંશે;
પલંગ પાન રંગે, બીલું વળી હું અંગે;
આવો પીયુ પલંગે, ઓલાય ઝાળ અંગે.
નથી કમાણી જોતી, રાખીને નારી રોતી.
ઘણી થઇ પધારો, આપોને સુખ આરો.
માનુની મળી ટોળે, લઇનેગાયને હીંડોળે
સજી શણગાર કોડે, બેસી પીયુની જોડે.
મુનેજમુકી નાથે, દુઃખભારી નાખ્યું માથે
ભલા તું ચૈત્રમાસે,લઇ મેળવ નાથ પાસે

માસ ૭ મો.

વૈશાખ વન કેરે, પરદેશના વા'લારે;
હેતેથી ઘેર આવો, તે વેહણુંજ ભાવે.

વિધવિધ ભાત મેવા, ગમે ન હાથ લેવા.
સુકાણી દેહ એલી, ગયા છે કંથ મેલી
પ્રીતમ પ્રાણનાથે, મુકીજ છેક નાથે;
દેવુંજ દુઃખ ભારી, તેથી મુકી વિસારી.
અરે ઓ પ્રાણપ્યારી, ઝાલોને હાથ મારી;
વેહપુરમાં હું દુખું, રેહેશે હૈયાના દુખું.
વીનતી તે નાથ મારી, હ્યો મન ધારી;
ગયોજ માસ આખો, મુજપર હેત રાખો.

માસ ૮ મો.

જેઠ માસ બેઠે, હૈયું ન અંતે હેઠે;
પીયુડે પ્રાણ લીધાં, સુકાઇ લાલ કીધાં.
ઘણી તું ભાગ્યશાળી, સુણી વાત કહી મારી;
આવીને નાથ તારો, દેશેજ સુખ આરો.
ધરણી કહેજે બાઈ, પીયુને દેખું ક્યાંઇ;
જેવુંજ દુઃખ તુને, તેવુંજ દુઃખ મુને,

મુનેજ મેહુરાજે, તુનેજ વેહુરાજે;
તુજમુજનઆંચ્યોકંથતેથી ઉદાસી પામત.
ધીરજ કેમ ધરીયે, પતી વિના શું કરીયે;
હવે નથી હલાતું હૈયામાં દુઃખ થાતું.

માસ ૯ મો.

અશાડે મેઘ ગાજે, વેહુ કામ બાણ જાગે;
નથીજ મન શાતા તમથીજ કોણ દાતા.
અરજ સુણો અમારી, દાસી હું છું તમારી;
હવેજ હેત રાખો પ્રીતેથી કેરી ચાખો.
વાદલીયું આવી વળશે, તેથી તન તલશે;
નદીએજ નીર આવે, પીઉને કોણ લાવે.
અરે ઓ મારા દેવ, કરૂં તમારી સેવ;
મારા પીઉને લાવો, સદેશો કોઇ કહાવો.
આવ્યો અશાડ ભારી, દીસે હવે સુખકારી
સુળકાળકેમનાંચ્યોએમશ્રાવણમાસઆંચ્યો

માસ ૧૦ મો.

શ્રાવણે સખી આવે, એ કંથ સંગ લાવે;
બે લેશે ખેલ કોડે, હું ખેલું કોની જોડે.
હવે બળું છું અંગે, ઈચ્છું છું તમ સંગે;
માટે જુવો વિચારી, કરોને સુખકારી.
ચળકાટ વિજ થાયે, મુજ નેત્ર તો ભરાયે;
કરી ભલાઇ પધારો, પીયુ મનેજ તારો.
અરે હવે શું થાશે જરૂર જીવ જાશે;
પતી તમેજ આવી મુજને લીયો બચાવી.
શ્રાવણ ચાલ્યો જાયે, મુને દેહતો પીડાયે;
તમારૂ દીલ ખોટું, તેથી શું દુઃખ મોટું.

માસ ૧૧ મો.

આ ભાદ્રપદ આવ્યો, ભલો તે સૌને ભાવ્યો.
કાદવ ઘણો મચાવ્યો કંથ કેમ નાવ્યો.
ગરજના મેહ કરે, દેખીને સીંહ હાકારે;

બપૈયો શબ્દ બોલે, ઝાડ પાન રંગ ડોલે'
અરે ઓ નાથ મારા, કેમ થાઓછોઘોજારા;
હવે જો નહી આવો પછી થશે પસ્તાવો.
કંથનાવેતોશું કરવું,ઝેરખઇને નિશ્ચેમરવું;
એવાત જાણો સાચી,જીવ્યાનીઆશા કાચી.
ઓ નણંદના વીર, રાખું હું કેમ ધીર;
ભાદરવાને ગુમાવ્યો,આશ્વીનમાસઆવ્યો.

માસ ૧૨ મો.

આશ્વીને કરો ખાત્રી, પહેલી છે નવરાત્રી;
માતા માગુ હું એવું, જે મારો કંથ સેવું.
માતાયે આશા દીધી, સુજને તોન્યાલકીધી;
મારા પીયુને લાવ્યા,પીયુજી પ્રાણ આવ્યા
આવો હવેજ રમીયે,ભેળાબેસીને જમીયે;
દીવાળીનાદીનઆવ્યા, તે સૌને મનભાવ્યા.
અછી તરેથીજમીયા, બેઉના મન ગમીયા;

(૧૨)

પછી તે મારા નાથે હેતેથી આલી હાથે
આવી નારીજી રોળું ખરે હેતથી ચોળુ;
મારી આશા થઈ પુરી, હવે નથી અધુરી.

ઇતી શ્રી વિજોગી બારમાસી
સમાપ્ત.

કૃષ્ણજીવણના મહીના.

આવો આવો શીવશંકર ભોળા—એ રાગ.

કારતકે કૃષ્ણ ગયા મેલી,
આંખડીએ આંસુની હેલી;
ગોપી ફરે ગોકુળમાં ઘેલી,
ઓધવજી નારે ઘટે તમને. –૧
સહીયરો થાઓને વહેલી,
કે વાકો અંબોડો મેલી;
ગોરી એના જોબનમાં ઘેલી,
ઓધવજી નારે ઘટે તમને. ટેક. ૨
માગશરે મંદીરમાં રમતાં,
ભેળાં બેસી ભોજનીઆં જમતાં;
હવે અમે કેમ નથી ગમતાં. ઓ. ૩
પોશ કહેજો પ્રીત કરી પહેલી,
ગોરધનનાથ મથુરાં ગયા મે'લી;

વધાઇ મોકલજો વે'લી. ઓધવ. ૪
કુબજ્યા સોક્ય થઈ માલે,
વા'લો મારો મથુરામાં ચાલે;
તરછોડયાં નંદ તણા લાલે. ઓ. ૫
ફાગણે રંગ રમતાં હોળી,
સુંદર પેહેરી ચરણાને ચોળી;
કુમકુમ કેશરમા ઘોળી. ઓ. ૬
ચઇતરે ચીતવંત ફરી ચુકયાં;
શરીર અમ અટવાઇ સુકયાં;
નારીએ નીસાસા મુકયા. ઓ. ૭
વઇશાખે વાટ જુએ ગોપી,
લજ્યા નીજ માબાપની લોપી;
કાનુડાને કુબજા કહી રોકી. ઓ. ૮
આવી લટ દાણ લેતા દહાડી,
મથુરામાં રંગ રમતાં નારી;
ભુલ્યા કેમ ગીરીવર ગીરધારી. ઓ. ૯

જેઠ જાદવને હસીએ,
તારી મારી કીધી રંગર
હરી હવે ગોકુળમાં વસીએ. ·
અશાડે મેવલીઓ ગાજે,
તેથી મારૂં દીલ દેખી દાઝે;
એકલડા મુકયાં મહારાજે. ઓ. ૧૧
શ્રાવણમાં શું કરીએ સજની,
ગોઠે નહી દીવસ ને રજની;
વ્યાકુળ ફરે વીનતાઓ વ્રજની. ઓ. ૧૨
ભાદરવે ભરજોબન નારી,
ઘેર નહી આવ્યા ગીરધારી;
વા'લાજીએ મેલ્યાં વીસારી. ઓ. ૧૩
આસોએ ઓધવજી આવ્યા,
સંદેશો શામ તણો લાવ્યા;
રાધકાજીને મન ભાવ્યા. ઓ. ૧૪

જાહેર ખબર.

સર્વે સદ્ગ્રહસ્થોને વિનંતી કરવા આવે છે. કે અમારે ત્યાં જૈનધર્મની, વૈષ્ણવધર્મની, વાર્તાઓ, ઘણી જાતનાં નાટકો, કીસ્સાઓ તથા શાળોપયોગ વગેરે તમામ જાતનાં પુસ્તકો અમારે ત્યાં મળે છે.

જેમને જોઇએ તેમણે નીચેને સરનામેથી મંગાવી લેવાં.

શા. પ્રેમચંદ હઠીશંગ

ઠે. તાંબાકાંટે દા. ફેજરના માળા ની.

મુંબઇ.